R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૩ ● તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૧ ● અંક નં. ૪૨

રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ ***રૂા. 30/-*** *છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

વેબ સાઇટ : www.gujaratinformation.net Phone No. : 079-232-53440

આર્મી એજ્યુકેશન કોર્પ્સ

ગ્રુપ 'એક્સ' અને 'વાય'માં હેવીલદાર એજ્યુકેશન માટેની ભરતી

આર્મી એજ્યુકેશન કોર્પ્સમાં જવાનોને શિક્ષણ આપવા માટેના ગ્રુપ-'એક્સ' અને 'વાય'માં હેવીલદાર એજ્યુકેશન માટે લાયકાત ધરાવતા યુવાનો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૪-૧૦-૨૦૧૧

જગાની સંખ્યા : ૭૭

❑ **કુલ જગાની સંખ્યા : ૭૭**

(૧) વિજ્ઞાન પ્રવાહ : ૩૧ (૨) વિનયન પ્રવાહ : ૪૬

❑ **વય મર્યાદા :** રિક્રૂટમેન્ટ રેલીના પ્રથમ દિવસે ૨૦ થી ૨૫ વર્ષ

❑ **શૈક્ષણિક લાયકાત :**

(અ) ગ્રુપ એક્સ માટે: કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી બી.એ.,બી.એડ્./બી.એસસી.બી.એડ્. / બી.સી.એ./ બી.એસસી. (આઈટી), બી.એડ.,/એમ.એ.,/એમ.એસસી./ એમ.સી.એ.

(બ) ગ્રુપ વાય : માન્ય યુનિવર્સિટીમાંથી બી.એ. અથવા બી. એસસી. બી.સી.એ./બી.એસસી. (આઈટી)

➤ ઉમેદવારો અંગ્રેજી અથવા હિંદી અથવા બંને ભાષાનું કાર્યકારી જ્ઞાન ધરાવતા હોવા જોઈએ અને સ્નાતક કક્ષાએ નીચે જણાવેલા વિષયોમાંથી ઓછામાં ઓછા બે વિષયો સાથે પાસ થયેલા હોવા જોઈએ.

➤ **બી. એસસી./બી.સી.એ. :** (૧) મેથેમેટિક્સ (૨) ફિઝિક્સ (૩) કેમેસ્ટ્રી (૪) બોટની (૫) ઝૂલોજી (૬) ઈલેક્ટ્રોનિક્સ (૭) કોમ્પ્યુટર સાયન્સ.

➤ **બી.એ. :** (૧) અંગ્રેજી સાહિત્ય (૨) હિંદી સાહિત્ય (૩) ઉર્દૂ સાહિત્ય (૪) ઈતિહાસ (૫) ભૂગોળ (૬) પોલીટિકલ સાયન્સ (૭) અર્થશાસ્ત્ર (૮) સાયકોલોજી (૯) મેથેમેટિક્સ (૧૦) સોશીયોલોજી.

❑ **શારીરિક યોગ્યતા :** સૈન્ય માટે લાગુ પડતા ધોરણો અનુસાર

❑ **પગાર અને ભથ્થાં :**

(અ) ગ્રુપ એક્સ : તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારોને પે બેન્ડ-૧માં રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦૦ + રૂ. ૨૮૦૦ ગ્રેડ પે, + રૂ. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે + ગ્રુપ 'એક્સ' પે રૂ. ૧૪૦૦ પ્રતિ માસ મળવાપાત્ર છે.

(બ) ગ્રુપ વાય : તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારોને પે બેન્ડ-૧માં રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦૦ + રૂ. ૨૮૦૦ ગ્રેડ પે, + રૂ. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

➤ પગાર ઉપરાંત ઉદાર પેન્શન, બઢતીની તકો, સામુહિક વિમા કવચ, આર્મી વેલ્ફેર હાઉસીંગ સ્કીમ, ૬૦ દિવસની વાર્ષિક તથા ૩૦ દિવસની પરચુરણ રજા, સ્વયં કુટુંબ અને આશ્રિતો માટે નિ:શુલ્ક તબીબી સારવાર, રાહત ભાવે અનાજ તેમજ નિયમિત આર્મીને મળવાપાત્ર અન્ય ભથ્થાઓ.

❑ **નોંધણીનું ધારાધોરણ :**

➤ ઉમેદવારની કલર સર્વિસ સાથે ૨૪ વર્ષની અને બે વર્ષની રિઝર્વ અથવા તો તે ૪૯ વર્ષની વય ધરાવતો થાય તે બેમાંથી જે વહેલું હોય તેટલી મુદતની નોંધણી કરવામાં આવશે.

❑ **નિમણૂકની માટેની પધ્ધતિ :**

➤ **સ્ક્રીનીંગ :** રિક્રૂટિંગ ઓફિસના કાર્યક્રમ મુજબ ઉમેદવારોનું સ્ક્રીનિંગ કરવામાં આવશે.

➤ શારીરિક ક્ષમતા કસોટી નીચે જણાવ્યા પ્રમાણે રહેશે. (૧) વધુમાં વધુ ૬.૨૦ મિનિટમાં એક માઈલની દોડ (૨) પુલ-અપ (બીમ) ૬ (૩) બેલેન્સ ક્વોલીફાય (૪) ૯ ફૂટ ખાડો. ક્વોલીફાય.

❑ **તબીબી ધોરણ :** ઉમેદવાર તંદુરસ્ત શરીર અને માનસિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ. છાતી સુવિકસિત અને ઓછામાં ઓછી ૫ સે.મી. ફૂલી શકે તેવી હોવી જોઈએ, દરેક કાનની સામાન્ય શ્રવણશક્તિ હોવી જોઈએ, દાંત અને પેઢાંની કુદરતી સંખ્યા હોવી જોઈએ એટલે કે ૧૪ ડેન્ટલ પોઈન્ટ ધરાવતા હોવા જોઈએ, હાડકાંની વિકલાંગતા, હાઈડ્રોસીલ, વેરીકોઝ વેઈન્સ અથવા પાઈલ જેવા રોગો ન હોવા જોઈએ, સ્પેશ્યલ આર્મી ઓર્ડર ૬/એસ/૨૦૦૫/આરટીજી, તા. ૨-૮-૨૦૦૫ની શરતો મુજબ શેપ-૧ તબીબી કક્ષામાં આવતા હોવા જોઈએ.

❑ **લેખિત પરીક્ષા :**

➤ સ્ક્રીનિંગ માટે પસંદગી પામેલા તેમજ તબીબી રીતે સક્ષમ ઉમેદવારોને જ **તા. ૨૭-૧૧-૨૦૧૧** ના રોજ હેડક્વાર્ટર રિક્રૂટિંગ ઝોન આઈઆરઓ દિલ્હી કેન્ટ. ખાતે આયોજીત લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. લેખિત પરીક્ષામાં ત્રણ કલાકની સમયમર્યાદામાં પ્રશ્નપત્રના જવાબો આપવાના રહેશે.

ભાગ ૧ : દરેક ઉમેદવાર માટે ફરજિયાત. તેમાં બે વિભાગ રહેશે. વિભાગ-૧ સામાન્ય અંગ્રેજી તથા વિભાગ-૨ સામાન્ય જ્ઞાનને લગતો હશે. પ્રશ્નોનું સ્તર ધોરણ-૧૨ના અભ્યાસક્રમ પ્રમાણે રહેશે.

ભાગ ૨ : (સાયન્સ ઓફ બી. એસસી. સ્ટાન્ર્ડ) એમ. એસસી./ બી. એસસી.,/એમ.સી.એ.,/બી.સી.એ., ઉમેદવારો માટે ફરજિયાત. આ ભાગના બીજા પાંચ પેટા ભાગ હશે. જેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, કોમ્પ્યુટર સાયન્સ અને મેથેમેટિક્સના વિષયો સમાવવામાં આવ્યા છે. પાંચમાંથી ગમે તે બે ભાગના પ્રશ્નો આવરી લેવાના રહેશે.

ભાગ ૩ : (હ્યુમેનીટિઝ ઓફ બી.એ. સ્ટાન્ર્ડ) એમ.એ./બી.એ. ઉમેદવારો માટે ફરજિયાત. આ ભાગના વધુ ચાર પેટા ભાગ રહેશે જેમાં ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સના વિષયોને આવરી લેવામાં આવશે. ઉમેદવારે ઓછામાં ઓછા બે પેટા ભાગના જવાબો આપવાના રહેશે. એમ.એ./બી.એ. મેથેમેટિક્સ સાથે ધરાવનાર ઉમેદવારે ભાગ-૨માં આવરી લેવામાં આવેલ મેથેમેટિક્સ વિભાગ અને ભાગ-૩માંથી એક વિભાગ આવરી લેવાનો રહેશે. ઉમેદવારોએ વિભાગ-'અ' અને 'બ' માં અલગ અલગ પાસ થવાનું રહેશે. ભાગ-૨ અને ભાગ-૩ના ગમે તે બે વિભાગમાં વ્યક્તિગત રીતે અલગ પાસ થવું ફરજિયાત છે. જવાબો ફક્ત અંગ્રેજી અથવા હિંદીમાં આપી શકાશે.

❑ **ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ/ઈન્ટરવ્યૂ :**

➤ લેખિત પરીક્ષામાં સફળ નિવડેલા તેમજ ગુણવત્તા યાદીમાં નામ ધરાવનાર ઉમેદવારો ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ શકશે. ટીએટી અને ઈન્ટરવ્યૂ **એઈસી ટ્રેનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ)** ખાતે યોજાશે. ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં સફળ થયેલા ઉમેદવારોની તૈયાર થયેલી ગુણવત્તા યાદી પ્રમાણે તેમની નિમણૂક આર્મી એજ્યુકેશનલ કોર્પ્સમાં કરવામાં આવશે.

❑ **વાહન ભથ્થું :**

➤ ઉમેદવારે જે રિક્રૂટિંગ ઓફિસેથી પરીક્ષા આપી હોય ત્યાંથી પીપરીયા (મધ્ય પ્રદેશ) સુધીના રેલવે પ્રવાસ માટે મફત રેલવે વોરન્ટસ તથા રસ્તા માર્ગે પીપરીયાથી પંચમઢી સુધીનું પણ વોરન્ટ આપવામાં આવશે. અંતિમ નિમણૂક માટે નાપસંદ થયેલા ઉમેદવારોને તેમના વતનના સ્થળે અથવા તો રિક્રૂટિંગ ઓફિસ બંનેમાંથી જે નજીક હોય ત્યાં સુધીના રેલવે પ્રવાસ માટે રિટર્ન રેલવે વોરંટ એઈસી ટ્રેઈનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ) ના કમાન્ડન્ટ દ્વારા આપવામાં આવશે.

➤ પંચમઢી ખાતે ટીચિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ માટે જેટલો સમય રોકાણ કરવું પડે તેટલા સમય માટે ઉમેદવારને રહેવા-જમવાની સુવિધા નિ:શૂલ્ક પૂરી પાડવામાં આવશે.

➤ ટી.એ./ડી.એ. ચૂકવવામાં આવશે નહિ.

➤ પસંદ થયેલા ઉમેદવારે અંદાજે એક વર્ષની મિલિટ્રી અને ટેકનિકલ તાલિમ એઈસી ટ્રેઈનિંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી (મધ્યપ્રદેશ) ખાતે લેવાની રહેશે.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

➤ ઉમેદવારોએ નિયત નમૂના પ્રમાણે સંપૂર્ણ વિગતો ભરેલું અરજીપત્રક જરૂરી દસ્તાવેજો સાથે રાખી મોકલી આપવાનું રહેશે.

➤ અરજીપત્રક મોકલવાના કવર પર **"APPLICATION FOR HAVILDAR EDUCATION"** લખવું જરૂરી છે.

➤ ઉમેદવાર જ્યાં વસવાટ કરતાં હોય તેમજ પરીક્ષા કેન્દ્રમાં ઉપસ્થિત થવાના હોય તે હેડક્વાર્ટર રિક્રૂટિંગ ઝોન સિવાયના ઝોનને મોકલવામાં આવેલી અરજીઓ રદ કરવામાં આવશે.

➤ લાયકાત ધરાવતા યુવાનોએ આ માટે નજીકની રિક્રૂટીંગ ઓફિસનો સંપર્ક સાધવો.

➤ પોસ્ટ અને ટેલિગ્રાફ વિભાગે ઈસ્યુ કરેલાં પોતાના સરનામાવાળા ટિકિટ સાથેના બે રજિસ્ટર્ડ પરબીડિયાં અરજી સાથે મોકલવા અને તેમાં પોતાનું હાલનું સરનામું જણાવવું કે જેથી સ્વીકૃતિની પહોંચ/કોલઅપ નોટિસ/અરજી નકારની સમય તે સરનામે મોકલી શકાય.

➔

➔

- નિયમ મુજબ એ-૪ સાઈઝના કાગળ પર અરજી હાથથી લખવી અથવા ટાઈપ કરવી.
- અરજીપત્ર પર નિયત સ્થળે તમારો તાજેતરમાં પડાવેલો સનગ્લાસીસ પહેર્યા વિનાનો ફોટોગ્રાફ ચોંટાડો, પોલેરોઈડ કેમેરા અથવા કોમ્પ્યુટરથી લીધેલો ફોટોગ્રાફ સ્વીકારવામાં આવશે નહિ. અરજીપત્રક સાથે વધારાનો એક સ્વપ્રમાણિત ફોટોગ્રાફ પણ મોકલવાનો રહેશે.
- અગાઉ જે ઉમેદવારની અરજી રદ કરવામાં આવી હોય તેઓ જે યોગ્યતા ધરાવતા હોય/વયમર્યાદા ધરાવતા હોય તો પુનઃ અરજી કરી શકે છે.
- અધૂરી અરજી રદ કરવામાં આવશે.
- જો ઉમેદવાર કોઈ સંસ્થામાં નોકરી કરતા હોય તો અને ઈન્ટરવ્યૂ માટે તેમની પસંદગી કરવામાં આવે તો તેઓએ ''નોન ઈનક્યુમ બ્રાન્સ સર્ટિફિકેટ'' ઝોનલ રિક્રૂટીંગ ઓફિસ ખાતે, એ.ઈ.સી. ટ્રેનીંગ કોલેજ એન્ડ સેન્ટર, પંચમઢી ખાતે ટીચીંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ, ઈન્ટરવ્યૂ માટે મોકલતાં પહેલાં રજુ કરવાનું રહેશે.
- લેખિત પરીક્ષામાં સફળ થયેલા અને ઈન્ટરવ્યૂ માટે તારવવામાં આવેલા ઉમેદવારોને ટપાલ દ્વારા ઈન્ટરવ્યૂની તારીખ જણાવવામાં આવશે અને યાદી સંબંધિત હેડ ક્વાર્ટર રિક્રૂટીંગ ઝોન ખાતે દર્શાવવામાં આવશે. ઉમેદવારો તા. ૩૦-૧-૨૦૧૨ બાદ સંબંધિત હેડક્વાર્ટર રિક્રૂટીંગ ઝોન ખાતે પરિણામની તપાસ કરી શકશે.

નોંધ : ઉપર દર્શાવેલ તમામ શરતોમાં ભારત સરકારની વખતોવખતની સૂચનાઓ પ્રમાણે ફેરફાર થઈ શકે છે. માન્ય યુનિવર્સિટીની ખરાઈ કરવા માટે નજીકના બીઆરઓ/ઝેડઆરઓ/આઈઆરઓની મુલાકાત લેવી.

- અરજીઓ સ્વીકારવાની છેલ્લી **તારીખ ૧૪-૧૦-૨૦૧૧** છે.
- પરીણિત ઉમેદવાર જો ૨૧ વર્ષથી ઓછી વય ધરાવતા હશે તો અરજી કરવા પાત્ર નથી.
- **માત્ર પુરૂષ ઉમેદવારોએ જ અરજી કરવી.**

❑ **સ્ક્રીનીંગ માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે નીચે પ્રમાણેના દસ્તાવેજો રજૂ કરવા.**

- ગામના સરપંચ અથવા વોર્ડના મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવેલ જાતિ અને ચારિત્ર્યનું પ્રમાણપત્ર.
- રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત રહેઠાણનો પુરાવો.
- શૈક્ષણિક લાયકાત માટેના પ્રમાણપત્રો અને માર્કશીટની અસલ નકલ.
- જો દાવો કરવામાં આવ્યો હોય તો એન.સી.સી.ના અસલ પ્રમાણપત્રો.
- જો દાવો કરવામાં આવ્યો હોય તો સર્વિસમેન/એક્સ સર્વિસમેનના પુત્ર હોવાના અસલ પ્રમાણપત્ર
- સ્વયં પ્રમાણિત કરેલો એક વધારાનો ફોટો.

❑ **Postal Address of Headquarters Recruitment Zone :**

11. ગુજરાત માટે

HQ. Rtg Zone,
3, Rajender Singhji
Road, Pune-410001
(For Maharashtra Goe,
Gujarat and UT of
Diu & Daman

RECRUITMENT OF HAVILDAR EDUCATION IN THE ARMY EDUCATIONAL CORPS IN GROUP'X' and 'Y' APPLICATION FORM FOR HAVILDAR EDUCATION PART I : PERSONAL DATA

(Fill in Block Letters)

Affix passport size photograph here
3.5 x 4.5 c.m.

1. Name in full (Block Capital) (Do not use initials) : _____:
2. Father's Name (Block Capital) : _____
3. Permanent Home Address : _____
   Vill/Colony/ Locality :_____ Post : _____
   Teh/Taluk. : _____ Distt. : _____
   Pin : _____ State : _____
   Tele Number with STD Code :_____
4. Present Address :_____
   Vill/Colony/ Locality :_____ Post : _____
   Teh/Taluk. : _____ Distt. : _____
   Pin : _____ State : _____
   Tele Number with STD Code :_____
   E-mail address :_____ Mobile Number :_____
5. Caste/Tribe :_____ Religion : _____
   Nationality : _____
6. Date of Birth : _____
   (Attach CTC/Xerox copy duly attested of Matriculation certificate)
7. Marital Status Married/Unmarried (if married, attach an affadavit from Megistrate stating that you have single spouse only) : _____
8. Any outstanding achievements (Sports/Education) :
   (a) : _____(b) : _____ (c) : _____
9. Son of Serving/Ex-serviceman son of widows/son of war widows : Yes/No (If 'Yes' attach CTC of proof duly authenticated by concerned Record Officer)
10. NCC Certificate : _____ 'A'/'B'/'C' (Attach CTC)
11. Previous/Current employment (if any) Yes/No
    (Ir 'Yes' attach CTC copy of 'No' Objection Certificate from employer)

Sr. No.	Name of the employer (With Details and Full Address)	Designation	Duration	Ramarks

PART II : ELIGIBILITY

12. Education qualifications :

Ser. No.	Exam Passed	Subjects Offered	Year	Institute Where studied	Board/ University	Division with %

13. Language :

Sr. No.	Language	Examination Passed	Proficiency Read, Write, Speak	Ramarks

PART III : DECLARATION

14. I Certify that : **(a)** The above information is true to the best of my knowledge and belief. I am liable to be disqualified if any information given above is found to be incorrect/incomplete/false **(b)** I am fully aware that recruitment is a FREE service and no money is required to be paid to any agency. If at any stage it is discovered that I have paid any money to get recruited, I am liable to be disqualified/discharged from service **(c)** I will not claim any compensation for any injury sustained by me during screening and selection process.

15 15. I declare that I am submitting the attested photocopy of the following certificates :-
   (a) Character/Conduct certificate.
   (b) High school certificate.
   (c) Intermediate (10+2) certificate.
   (d) BA/B Sc/BCA/MA/M Sc/MCA/B Ed certificates.
   (e) Photocopies of detailed marks sheet separately for each year of BA/B Sc/BCA
   (i) First year (ii) Second year (iii) Third year
   or
   Photocopies of detailed marks sheet separately for each year of MA/M. Sc/MCA :-
   (i) First year (ii) Second year
   (f) Domicile certificate.
   (g) NCC Certificate.
   (h) Relationship certificate
   (Son of Serving/Ex-serviceman/Son of War Widow) (attach CTC of proof duly authenticated the concerned Records Office)

અન્ય જાહેરખબર

❑ **ડાયરેક્ટોરેટ રાઈસ રિસર્ચ : હૈદરાબાદ**

જગ્યાનું નામ : કોમ્યુનિકેશન સ્પેશ્યાલિસ્ટ (પ્રેસ એન્ડ એડીટોરીયલ સ્ટાફ), ટેકનિકલ આસિ,. કોમ્પ્યુટર લેબોરેટરી ટેકનિશીયન, ટેકનિકલ આસિ. (લેબ. ટેકનિશીયન), ફિલ્ડ ટેકનિશીયન, સ્ટેનોગ્રાફર

જગ્યાની સંખ્યા : ૧૧

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫-૧૦-૨૦૧૧

વેબસાઇટ : http ://www.drricar.org.

❑ **રેલ વ્હીલ ફેક્ટરી : બેંગ્લોર**

જગ્યાનું નામ : સ્પોર્ટસ કવોટામાં રમતવીર (ક્રિકેટ, કબડ્ડી, હોકી, ફુટબોલ)

જગ્યાની સંખ્યા : ૦૬

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૪-૧૦-૨૦૧૧

❑ **CVD દિલ્હી કેન્ટોનમેન્ટ**

જગ્યાનું નામ : એલડીસી, કૂક, સિવિલિયન મોટર ડ્રાઈવર, ફાયરમેન

જગ્યાની સંખ્યા : ૩૬

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૬-૧૦-૨૦૧૧

❑ **સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા : નવી દિલ્હી**

જગ્યાનું નામ : જુ. સાયન્ટિફિક ઓફિસર (સાયકોલોજી/ફિઝિયોલોજી/બાયો કેમિસ્ટ્રી/ફૂડ એન્ડ ન્યુટ્રિશન/બાયો મિકેનિક/એન્થોપોમેટ્રી/સ્પોર્ટસ મેડિસીન), જુ સાયન્ટિફિક આસિ. (સાયકોલોજી/ફિઝિયોલોજી/બાયોમિકેનિકસ)

જગ્યાની સંખ્યા : ૨૪

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૪-૧૦-૨૦૧૧

વેબસાઇટ : www.sportsauthorityofindia.nic.in.

❑ **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા : મુંબઈ**

જગ્યાનું નામ : ક્રેડિટ ઓફિસર

જગ્યાની સંખ્યા : ૪૫૦

ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૧-૧૦-૨૦૧૧

વેબસાઇટ : www.unionbankofindia.co.in

❑ **કેન્દ્રિય વિદ્યાલય સંગઠન : નવી દિલ્હી**

જગ્યાનું નામ : આસિ. કમિશનર, એજ્યુકેશન ઓફિસર

જગ્યાની સંખ્યા : ૧૦

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૭-૧૦-૨૦૧૧

વેબસાઇટ : www.kvsangathan.nic.in.

❑ **રાજા રામન્ના સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજી : ઈન્દોર**

જગ્યાનું નામ : સ્ટાઈપેન્ડરી ટ્રેઈની-I (ફિઝિકસ/મિકેનિકલ ઈલે./ઈન્સ્ટુમેન્ટેશન) કેટેગરી-II (ઈલે./ઈન્સ્ટુમેન્ટેશન મશીનીસ્ટ/મીલર ફીટર, ટર્નર, લેબોરેટરી)

જગ્યાની સંખ્યા : ૫૭

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૭-૧૦-૨૦૧૧

❑ **ઈન્ડિયન ઓર્ડેનન્સ ફેક્ટરી : (ખમારીયા) જબલપુર**

જગ્યાનું નામ : ડેન્જર બિલ્ડીંગ વર્કર, મશીનીસ્ટ, ઈલેકિટ્રશીયન, ઈલેકટ્રોપ્લેટર, એકઝામિનર એન્જિ., ફીટર જનરલ, ગ્રાઈન્ડર, મીલરાઈટ, ટર્નર, બોઈલર એટેન્ડન્ટ

જગ્યાની સંખ્યા : ૬૦૧

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા.૧૭-૯-૨૦૧૧)

OIL AND NATURAL GAS CORPORATION LTD.

WESTERN ONSHORE BASIN, VADODARA

RECRUITMENT OF REGULAR / FIELD OPERATORS IN WESTERN SECTOR (GUJARAT) - 2011 ADVERTISEMENT NO. RT-02/2011 (R&P)

(Last date for on line application : 15-10-11)

ONGC, a 'Maharatna' Public Sector Enterprise, and India's flagship energy major is engaged in Exploration and Production of Oil and Gas in India and abroad .The company offers.one of the best compensation packages in cost to company terms in the country.

ONGC - Western Onshore Basin invites applications from young and energetic Indian citizens for selection to the under mentioned posts with valid registration of the Employment Exchanges located within the State of Gujarat. The Employment Exchange certificate / Card registration should be valid during the online registration process.

A. DETAILS OF NO. OF POST AND MINIMUM ESSENTIAL QUALIFICATIONS:-

Post Code	Name of the Posts	Minimum Qualification	Total No. of Posts
	A-II LEVEL (APPROX. EMOLUMENT Rs. 30,000/-)		
1.	Technical Assistant GD.III (Chemistry)	Post Graduate Degree in Chemistry	13
2.	Draftsman GD.III (Civil)	3 Years Diploma in Civil Engineering	25
3.	Assistant Technician (Electrical)	3 years Diploma in Electrical Engineering. Should have certificate of competency as Electrical Supervisor	04
4.	Assistant Technician (Instt.)	3 years Diploma in Instrumentation Engineering	02
5.	Assistant Technician (Fitting)	3 years Diploma in Mechanical Engineering	06
6.	Assistant GD.III (Transport)	3 years Diploma in Auto/Mechanical Engineering/Post Graduate Diploma in Business Management/Administration Or Post Graduate. Valid Driving Licence for Heavy Vehicles Essential	06
7.	Security Supervisor	Graduate with one year training/ experience in security. Physical Standards (minimum) as given in www.ongcindia.com	12
8.	Assistant GD. III(MM)	3 years Diploma in Material Management/ Inventory/Stock Control recognized by the State Board of Technical Education/ One year Post • Graduate Diploma in Material Management (Note:- Person with Disability i.e. HH/OH can also apply)	02
	TOTAL		70
	A-I LEVEL (APPROX. EMOLUMENT Rs. 27,000/-)		
9.	Jr. Asstt. Tech. (Cementing)	Matric with Science and Trade Certificate in Auto/Fitting/ Mechanic Trade*. Should have valid heavy vehicle driving licence for Heavy Vehicles Essertral physical Efficiency test Apply. physical stardreds (minimum) as given in www.ongeindiu .com	03
10.	Jr. Tech. Asstt. (Chemistry)	B.Sc with Chemistry as main subject	03
11.	Jr. Tech. Asstt. (Geology)	B.Sc with Geology as main subject	02
12.	Jr. Asstt. Tech (Diesel)	Matric with Science and Trade Certificate in Diesel Mechanic	05
13.	Jr. Asstt. Tech (Fitting)	Matric with Science and Trade Certificate in Fitting	06
14.	Jr. Asstt. Tech (Machining)	Matric with Science and Trade Certificate in Machining	10
15.	Jr. Asstt. Tech (Welding)	Matric with Science and Trade Certificate in Welding	17
16.	Jr. Asstt. Tech (Production)	Matric with Science and Trade Certificate in Fitting or Mechanic Trade"	06
17.	Jr. Asstt. Tech. (Electrical)	Matric with Science and Trade Certificate in Electrical Trade. Should have Certificate of Competency as Electrical Supervisor.	09
18.	Jr. Security Supervisor	Intermediate with 6 months training/ Experience in security. Physical Efficiency Test apply. Physical Standards (minimum) as given in www.ongcindia.com	13
19.	Jr. Fire Supervisor	Intermediate with 6 months experience in Fire services. Valid Driving Licence for Heavy Vehicles Essential. Physical Efficiency Test Apply. Physical standards (mim.) as given in www.ongcindia.com.	06
	TOTAL		**80**
	FIELD OPERATORS (PAY EMOLUMENT Rs. 15,500/- UNDER REVISION)		
T-1	Field Operator	High School Pass (Class-X) / ITI with Fitting/Diesel/Turner/ Machining/Welding Trade OR Diploma in Mechanical/Production Engineering. Physical Fitness and Physical Standard Test apply as given in www.ongcindia.com	143
T-2	Field Operator (HV Operations)	High School Pass (Class X) with ITI in Fitting/Diesel Mechanic/ Mechanic Diesel Vehicle/Motor Vehicle/Turner/ Welding Trades OR Diploma in Mechanical/ Production Engineering. Valid Driving Licence for Heavy Vehicles Essential. Physical Fitness and Physical Standards Test apply as given in www.ongcindia.com	06
T-3	Field Operator (Winch Operations)	High School Pass (Class X) with ITI in Fitting/Diesel Mechanic/ Mechanic Diesel Vehicle/Motor Vehicle/Turner/ Welding Trades OR Diploma in Mechanical/ Production Engineering. Valid Driving Licence for Heavy Vehicles Essential. Physical Fitness and Physical Standards Test apply as given in www.ongcindia.com	13
	TOTAL		**162**

Note:- Number of posts may vary as per Company's requirement.

♦ Mechanic trade includes: Diesel/Instt/Turner/ Machining/ Tractor/ Motor Vehicle/Welding/Blacksmithy/ Boiler Attendant and Machinist Grinder.

♦ Age will be reckoned as on 15.10.2011 i.e. Date of Closing online application.

❒ **How to apply:-**

❖ Interested candidates are advised to visit ONGC site www.ongcindia.com at Recruitment of Posts in Western Sector (Gujarat) which will be available from 10.00 hrs. on 20.09.2011 to 15.10.2011 till 18.00 hrs, for detailed information relating to Physical Standard, Age Criteria, Minimum Percentage of Mark for Qualification, Fee Structure & Procedure/Steps for applying online etc.

❖ Candidates who are sponsored by Employment Exchange are also requested to complete the online application by visiting www.ongcindia.com at Recruitment of post in Western Sector (Gujarat).

♦ Time schedule for online registration/receipt of printed - Application slip:

Sr. No.	Details	Date	Time
1.	Opening date for online Application	20.09.2011	10.00 hrs.
2.	Closing date of online Application	15.10.2011	18.00 hrs.
3.	Last date of receipt of completed Application at Post Box No. 12026, Cossipore Post Office, Kolkata-700002	28.10.2011	18.00 hrs.
4.	Written test (Tentative) Regular	27.11.2011	10.00 hrs. to 12.00 hrs.
5.	Written test (Tentative) Tenure	27.11.2011	03.00 hrs. to 05.00 hrs.

SAINIK SCHOOL BALACHADI, JAMNAGAR

ADMISSION NOTICE

(GUJ-361230) (ENGLISH MEDIUM SCHOOL, CBSE RECOGNISED)

(Under Ministry of Defence)

Sainik School Balachadi (Jamnagar), one of the Best Residential School for boys in India. An English Medium Residential Public School affiliated to CBSE functioning under the Ministry of Defence. The School prepare boys for entry into National Defence Academy to join Armed Forces as a commissioned officer. The School invites applications of suitable boys for admission in 2012-13 session.

❒ **Admission Open in Class VI & IX Only**

♦ **Date of Birth**

❖ For Class VI - Born between 02 July 2001 to 01 July 2002 (Both days inclusive)

❖ For Class IX-Bom between 02 July 1998 to 01 July 1999 (Both days inclusive)

♦ **Reservation**

❖ 67 % of seats are reserved for the Students of Gujarat State.

❖ 25 % Seats reserved for ward of Defence personnel (including Ex-Servicemen) -

♦ **Important Dates**

❖ Entrance Test - 08 January 2012; Last date for submission of Application form -10 December 2011

♦ **Exam Centres**

❖ Ahmedabad, Balachadi, Bhuj, Surat (Subject to adequate number of candidate at each center)

♦ **Registration Charges**

❖ For General / Defence Category - Rs. 400/- + Rs. 50/- (Postage + sundry charges)

❖ For SC/ST Category Rs. 250/- + Rs. 50/- (Postage + sundry charges)

FOR MORE DETAILS CONTACT WEBSITE: www.ssbalachadi.org , TELE: 02893 246226, 9428817004, 9429521151

(૧) એવી માન્યતા કયા મંદિરની છે કે જે મંદિરથી દક્ષિણ ધ્રુવ સુધી સીધી રેખા દોરવામાં આવે તો પાણીમાંથી પસાર થઈને, સીધી દક્ષિણ ધ્રુવને મળે. માર્ગમાં કયાંય જમીન ન આવે ?

(૧) જગન્નાથનું મંદિર
(૨) સોમનાથનું મંદિર
(૩) દ્વારકાધીશનું મંદિર
(૪) મહાબલીપુરમ્‌ના રથ મંદિરો

(૨) વિટામીન-બી-કોમ્પ્લેકસમાં કુલ કેટલા વિટામીન હોય ?

(૧) ૧૨ (૨) ૮
(૩) ૧૫ (૪) ૧૪

(૩) સ્થાનિક પ્રવાસીઓને આકર્ષવામાં નીચેના પૈકી કયું રક્ષિત સ્મારક મોખરે રહયું છે ?

(૧) અશોકના શિલાલેખ
(૨) મોઢેરાનું સૂર્ય મંદિર
(૩) પાટણની રાણીની વાવ
(૪) જૂનાગઢની બુધ્ધિસ્ટ ગુફાઓ

(૪) ''સંવત્સરી'' એ કયા ધર્મનું પાવન પર્વ ગણાય છે ?

(૧) જૈન (૨) બૌધ્ધ
(૩) પારસી (૪) હિંદુ

(૫) શ્રી નારાયણમૂર્તિનું નામ કઈ ટોચની આઈ.ટી.કંપની સાથે સંકળાયેલું છે કે જેના ચેરમેન પદેથી તેઓ હાલમાં નિવૃત્ત થયા ?

(૧) પટણી કમ્પ્યૂટર્સ
(૨) વીપ્રો
(૩) એચ.સી.એલ. ટેકનોલોજી
(૪) ઈન્ફોસિસ

(૬) જેના વ્યવહાર સામે સાકર અને મધ પણ મોળાં લાગે, એ વ્યવહાર ભારતની કઈ પ્રજાનો ?

(૧) ખ્રિસ્તી (૨) પારસી
(૩) હિંદુ (૪) જૈન

(૭) અમદાવાદની દેવશ્રી શાહ કઈ રમતને કારણે જાણીતી બની છે ?

(૧) ગોળા ફેંક (૨) ચેસ
(૩) હોકી (૪) એથ્લેટિકસ

(૮) સ્વ. રાજીવગાંધીનો જન્મદિન કે જે સદ્‌ભાવના દિવસ તરીકે પણ ઓળખાય છે, તે કઈ તારીખે આવે છે ?

(૧) ૨૦મી ઓગષ્ટ (૨) ૨૦મી જુલાઈ
(૩) ૧૫મી એપ્રિલ (૪) ૧૫મી સપ્ટેમ્બર

(૯) 'બાર બાર દેખો, હજાર બાર દેખો' એ ફેમસ ગીત કઈ ફિલ્મનું છે ?

(૧) કાશ્મીર કી કલી (૨) પ્રોફેસર
(૩) ચાઈના ટાઉન (૪) બ્રહ્મચારી

(૧૦) 'ચાહ્‌હૂ' અને 'જંગલી' એ ઓળખ કયા અભિનેતા સાથે સંકળાયેલી છે ?

(૧) શમ્મીકપૂર (૨) જોય મુખરજી
(૩) દિલીપકુમાર (૪) રાજેશખન્ના

(૧૧) લાહોર ઘોષણા ભારત અને પાકિસ્તાન એ બંને દેશોના પ્રશ્નો વિશેની હતી. તે વખતે ભારત અને પાકિસ્તાનમાં વડાપ્રધાન કોણ હતા ?

(૧) ડૉ. મનમોહનસિંહ-બેનઝીર ભુટ્ટો
(૨) અટલ બિહારી વાજપેયી-નવાઝ શરીફ
(૩) ઈન્દિરાગાંધી-ઝુલ્ફીકાર અલી ભુટ્ટો
(૪) લાલ બહાદુર શાસ્ત્રી-અૈયુબખાન

(૧૨) લીગ ઓફ નેશન્સ (રાષ્ટ્ર સંઘ)ની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(૧) ૧૯૨૦ (૨) ૧૯૩૯
(૩) ૧૯૪૫ (૪) ૧૯૩૦

(૧૩) તાલુકા પંચાયતના મંત્રી તરીકે નીચેનામાંથી કોણ ફરજો બજાવે છે ?

(૧) તલાટી-કમ-મંત્રી
(૨) વહીવટદાર
(૩) તાલુકા વિકાસ અધિકારી
(૪) જીલ્લા વિકાસ અધિકારી

(૧૪) ઓપરેશન લોટસ એ કયા કૌભાંડ સાથે સંકળાયેલું છે ?

(૧) ફેરફેકસ (૨) બોફોર્સ
(૩) સ્ટેમ્પ (૪) ઘાસચારો

(૧૫) કટોકટીનું જાહેરનામું કેટલો સમય પૂરો થવાના અંતે આપમેળે રદ થાય ?

(૧) ૧૨ માસ (૨) ૩ માસ
(૩) ૨ વર્ષ (૪) ૬ માસ

(૧૬) કેટલાક સરકારી કાર્યક્રમમાં રાષ્ટ્રગાનની પ્રથમ અને છેલ્લી પંકિત જ ગાવામાં આવે છે, તે કેટલી સેકન્ડમાં પૂર્ણ થવી જોઈએ ?

(૧) ૫૨ સેકન્ડ (૨) ૧ મીનીટ
(૩) ૨૦ સેકન્ડ (૪) ૨૬ સેકન્ડ

(૧૭) આપણા રાષ્ટ્રીય ધ્વજનો સ્વીકાર ભારતની બંધારણ સભાએ કયારે કર્યો ?

(૧) ૧૪મી ઓગષ્ટ, ૧૯૪૭
(૨) ૨૦મી જુલાઈ, ૧૯૪૭
(૩) ૨૨મી જુન, ૧૯૪૭
(૪) ૨૨મી જુલાઈ, ૧૯૪૭

(૧૮) ખરડા (Bill) ને અનુમતિ આપવાની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે ?

(૧) અનુચ્છેદ ૧૧૧ (૨) અનુચ્છેદ ૧૦૯
(૩) અનુચ્છેદ ૧૧૦ (૪) અનુચ્છેદ ૧૧૨

(૧૯) પ્રથમ લોકસભાની અવધિ નીચેનામાંથી કઈ ?

(૧) ૧૯૪૭-૧૯૫૨ (૨) ૧૯૫૧-૧૯૫૬
(૩) ૧૯૫૨-૧૯૫૭ (૪) ૧૯૫૦-૧૯૫૫

(૨૦) સંયુકત યાદીનો પ્રેરણા સ્ત્રોત કયા દેશનું રાજ્ય બંધારણ છે ?

(૧) સોવિયેત સંઘ (૨) ફ્રાન્સ
(૩) યુ. કે. (૪) ઓસ્ટ્રેલિયા

જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

મનીષ શાહ

(૨૧) નાણાંપંચના સભ્યોની નિમણૂક નીચેનામાંથી કોણ કરે છે ?

(૧) ભારતના વડાપ્રધાન (૨) લોકસભાના સ્પીકર
(૩) રાષ્ટ્રપતિ (૪) નાણાં મંત્રી

(૨૨) એટર્ની જનરલને નીચેનામાંથી કયો અધિકાર નથી ?

(૧) બંને ગૃહોમાં બોલવાનો
(૨) ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાનો
(૩) મત આપવાનો
(૪) ઉપરના ત્રણેય

(૨૩) રાજ્યસભામાં વિશિષ્ટ ક્ષેત્રોમાંથી પસંદ કરીને રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરાતા સભ્યોની સંખ્યા કેટલી રાખવામાં આવી છે ?

(૧) ૧૨
(૨) ૨
(૩) રાજ્યસભાની સંખ્યાના ૧/૩ સભ્યો
(૪) રાજ્યસભાની સભ્ય સંખ્યાના ૧/૧૦ સભ્યો.

(૨૪) ભારતનું રાષ્ટ્રીય કુલ નીચેનામાંથી કયું ?

(૧) ગુલાબ (૨) જાસ્મીન
(૩) કમળ (૪) મોગરો

(૨૫) બુલ (Bull) અને બેઅર (Bear) એ શબ્દો નીચેનામાંથી કોની સાથે સંકળાયેલા છે ?

(૧) વિદેશ વ્યાપાર સાથે
(૨) બેન્કીંગ સાથે
(૩) શેરબજાર સાથે
(૪) આંતરરાષ્ટ્રીય બજાર સાથે

(૨૬) વર્ષ 2007 નો ''ગુજરાત ગરિમા એવોર્ડ'' નીચેનામાંથી કોને મળ્યો હતો ?

(૧) ડૉ. કિરણ પટેલ (૨) એ. એમ. નાઈક
(૩) દીપચંદ ગાર્ડી (૪) આમાંનું કોઈ નહિ

(૨૭) સિમેન્ટ (પોર્ટલેન્ડ) ની શોધ નીચેનામાંથી કોણે કરી હતી ?

(૧) જોસેફ ઓ.પી.ડી. (૨) રોન્ટજન
(૩) ગ્રેહામ બેલ (૪) માર્કોની

(૨૮) દુનિયાની આજની સાત અજાયબીમાં નીચેનામાંથી કઇ નહિ આવે ?

(૧) પીઝાનો ઢળતો ટાવર
(૨) તાજમહાલ
(૩) એફિલ ટાવર
(૪) ધી ગ્રેટ વોલ ઓફ ચાઈના

(૨૯) કાંગારુની ભૂમિ તરીકે કયો દેશ/ખંડ ઓળખાય છે ?

(૧) સાઉથ આફ્રિકા (૨) ઉત્તર એમેરિકા
(૩) ઓસ્ટ્રેલિયા (૪) એન્ટાર્ટિકા

(૩૦) ''અંધારિયા ખંડ'' તરીકેનું બીરુદ નીચેનામાંથી કોને મળ્યું છે ?

(૧) ઓસ્ટ્રેલિયા (૨) આફ્રિકા
(૩) એન્ટાર્ટિકા (૪) યુરોપ

(૩૧) દુરાન્ડ લાઈન કયા બે દેશ વચ્ચે આવેલી છે ?

(૧) જર્મની-પોલેન્ડ
(૨) ભારત-ચાઈના
(૩) ભારત-પાકિસ્તાન
(૪) પાકિસ્તાન-અફઘાનીસ્તાન

(૩૨) કેનેડાનું રાષ્ટ્રીય ચિહ્ન નીચેનામાંથી કયું ?

(૧) વ્હાઈટ લીલી (૨) ગુલાબ
(૩) ગરુડ (૪) લીલી

(૩૩) જાપાનની સંસદનું નામ નીચેનામાંથી શું છે ?

(૧) ડાયેટ (૨) નેસેટ
(૩) સિયામ (૪) મજલિસ

(૩૪) દુનિયાનું લાંબામાં લાંબું રણ નીચેનામાંથી કયાં આવેલું છે ?

(૧) સહારા (આફ્રિકા) (૨) થર (રાજસ્થાન)
(૩) કચ્છ (ગુજરાત) (૪) ગોબી (મોંગોલિયા)

(૩૫) આપણા રાષ્ટ્રધ્વજમાં લીલો રંગ શું પ્રતિપાદન કરે છે ?

(૧) શૌર્ય અને સમર્પણ (૨) દાક્ષિણ્ય અને શ્રધ્ધા
(૩) શાંતિ અને સત્ય (૪) અહિંસા

(૩૬) ગાંધીજી જહોન રસ્કીનના જે પુસ્તકથી ખૂબજ પ્રભાવિત થયા હતા, તે પુસ્તકનું નામ શું ?

(૧) અન ટુ ધી લાસ્ટ (૨) સીવીલ ડીસઓબેડીયન્સ
(૩) વોર એન્ડ પીસ (૪) આમાંનું કોઈ નહિ.

(૩૭) ચૌરી ચૌરા હત્યાકાંડના કારણે ગાંધીજીએ કઈ ચળવળને સ્થગિત કરી દીધી ?

(૧) હિંદ છોડો (૨) અસહકારની ચળવળ
(૩) ચંપારણ સત્યાગ્રહ (૪) મીઠાનો સત્યાગ્રહ

(૩૮) ગાંધીજીનો ભારતમાં પ્રથમ સત્યાગ્રહ નીચેના પૈકી કયો ?

(૧) મીઠાનો સત્યાગ્રહ
(૨) બારડોલી સત્યાગ્રહ
(૩) અસહકારની ચળવળ
(૪) ગળીના મજૂરોના હક માટેનો ચંપારણ સત્યાગ્રહ

(૩૯) ભારતની પ્રથમ મિસ યુનિવર્સ બનેલી યુવતી નીચેનામાંથી કોણ ?

(૧) રીટા ફારિયા (૨) સુસ્મિતા સેન
(૩) ઐશ્વર્યા રાય (૪) ડાયેના હેડન

(૪૦) ભારતીય નેશનલ કોંગ્રેસ/કોંગ્રેસ ને ૧૦૦ વર્ષ કયારે પૂરા થયા ?

(૧) ૧૯૯૦ (૨) ૧૯૮૫
(૩) ૧૯૬૫ (૪) ૧૯૭૫

(૪૧) કાયદાની ભાષામાં 'પેરોલ' (Parole) એટલે શું ?

(૧) સત્તા બહારના કૃત્ય માટે ધરપકડ કરવી તે
(૨) કેદીની સજા પૂરી થાય તે પૂર્વે સારી વર્તણૂંકની શરતે, છૂટકારો થવો તે
(૩) ખોટું સોગંદનામું કરવું તે
(૪) કાયદાકીય ખોટું અર્થઘટન કરવું તે

➔

➔

(૪૨) 'ભારત રત્ન' એવોર્ડ વિજેતા એમ. વિશ્વશ્વરૈયા, નીચેનામાંથી કયા ક્ષેત્રને કારણે જાણીતા છે ?

(૧) સાહિત્ય (૨) વિજ્ઞાન
(૩) કલા (૪) એન્જિનીયરીંગ

(૪૩) પ્રાચીન ભારતના જાણીતા ખગોળ શાસ્ત્રી અને ગણિતજ્ઞ એવા વરાહમિહિર એ નીચેનામાંથી કયા રાજાના દરબારનું એક રત્ન હતા ?

(૧) હર્ષવર્ધન
(૨) સમુદ્રગુપ્ત
(૩) ચંદ્રગુપ્ત મૌર્ય
(૪) ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય)

(૪૪) ''જયહિન્દ'' અને ''ચલો દિલ્હી'' એ સૂત્ર (Slogans) નીચેનામાંથી કયા સ્વાતંત્ર્ય સંગ્રામના ઘડવૈયાના છે ?

(૧) બાળ ગંગાધર ટિળક (૨) મહાત્મા ગાંધીજી
(૩) નેતાજી સુભાષચંદ્ર બોઝ(૪) વીર સાવરકર

(૪૫) જોગ (ગેરસપ્પા)નો ધોધ કયાં રાજ્યમાં આવેલો છે ?

(૧) આંધ્રપ્રદેશ (૨) કર્ણાટક
(૩) ઉત્તરપ્રદેશ (૪) કેરળ

(૪૬) જો તમારું વજન પૃથ્વી ઉપર ૯૦ કિલો હોય, તો ચંદ્ર પર કેટલું થાય ?

(૧) ૯૦ કિલો (૨) ૪૫ કિલો
(૩) ૩૦ કિલો (૪) ૧૫ કિલો

(૪૭) ભારતને જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે બ્રિટનમાં કયો પક્ષ સત્તા પર હતો ?

(૧) કોંગ્રેસ પક્ષ (૨) મજૂર પક્ષ
(૩) રીપબ્લીક પક્ષ (૪) આમાંનું કોઈ નહિ.

(૪૮) જ્યારે શત્રુ દ્વારા આત્મસમર્પણ (Surender) કરવામાં આવે ત્યારે સામાન્ય રીતે કયો ધ્વજ લહેરાવે છે ?

(૧) સફેદ રંગનો (૨) પીળા રંગનો
(૩) લીલા રંગનો (૪) કાળા રંગનો

(૪૯) સાંચીનો સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે ?

(૧) મધ્યપ્રદેશ (૨) ઉત્તરપ્રદેશ
(૩) કર્ણાટક (૪) ઓરિસ્સા

(૫૦) જ્યારે બંદૂકમાંથી ગોળી છૂટે ત્યારે બંદૂક થોડી પાછી પડે છે, એ કયા નિયમને કારણે થાય છે ?

(૧) ન્યૂટનનો ગતિનો પહેલો નિયમ
(૨) ન્યૂટનનો ગતિનો બીજો નિયમ
(૩) ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ
(૪) આર્કિમિડિઝનો નિયમ

(૫૧) કયા ગ્રહની આજુબાજુ વર્તુળાકાર વલયો જોવા મળે છે ?

(૧) મંગળ (૨) ગુરુ
(૩) શુક્ર (૪) શનિ

(૫૨) ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય રમત નીચેનામાંથી કઈ ?

(૧) ક્રિકેટ (૨) બેઝ બોલ
(૩) રગ્બી (૪) ફૂટબોલ

(૫૩) પુખ્ત મનુષ્યના હૃદયના ધબકારા દર મિનિટે સામાન્ય રીતે કેટલા હોય ?

(૧) ૮૦-૧૦૦ (૨) ૭૫-૯૫
(૩) ૬૦-૮૦ (૪) ૪૦-૬૦

(૫૪) એવું સ્થળ કે જ્યાં ૨૦૦ સે.મી. જેટલો સરેરાશ વરસાદ પડતો હોય, ૨૫° સે. તાપમાન રહેતું હોય અને ઢોળાવવાળો પ્રદેશ હોય, તો તે કયા પાકની ખેતી માટે ઉત્તમ ગણાય ?

(૧) ફુલોની (૨) અફીણની
(૩) ચાની (૪) ચોખાની

જવાબો

(૧) ૨ (૨) ૧ (૩) ૩ (૪) ૧ (૫) ૪ (૬) ૨ (૭) ૪ (૮) ૧ (૯) ૩ (૧૦) ૧ (૧૧) ૨ (૧૨) ૧ (૧૩) ૩ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૩ (૧૭) ૪ (૧૮) ૧ (૧૯) ૩ (૨૦) ૪ (૨૧) ૩ (૨૨) ૩ (૨૩) ૧ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૧ (૨૭) ૧ (૨૮) ૪ (૨૯) ૩ (૩૦) ૨ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૧ (૩૪) ૧ (૩૫) ૨ (૩૬) ૧ (૩૭) ૨ (૩૮) ૪ (૩૯) ૨ (૪૦) ૨ (૪૧) ૨ (૪૨) ૪ (૪૩) ૪ (૪૪) ૩ (૪૫) ૨ (૪૬) ૪ (૪૭) ૨ (૪૮) ૧ (૪૯) ૧ (૫૦) ૩ (૫૧) ૪ (૫૨) ૧ (૫૩) ૩ (૫૪) ૩

સ્પર્ધાત્મક રોજગાર ભરતી-પરીક્ષાઓ તથા એડ્મિશન એન્ટ્રન્સ ટેસ્ટની અગત્યતા

આર. એન. કોટક

❒ સફળતા એટલે શું ?

સફળતા એટલે સાદો સીધે અર્થ સારું ફળ કે પરિણામ. ફ્રૂટ માર્કેટ કે ફળબજારમાં કેરી લેવા જઈએ ત્યારે કેટલીય જાતની ક્વોલિટીમાં મળે છે. આપણે યથાશક્તિ સારામાં સારી ક્વોલિટીનું આ 'ફળ' મેળવવા પ્રયત્ન કરીએ છીએ. જીવનમાં પણ પરીક્ષા, ઈન્ટરવ્યૂ, પસંદગી વગેરે તબક્કાઓમાં યુવાન કેવા ફળની ઈચ્છા રાખે છે તે સૌ જાણે છે. ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળતા મેળવી એટલે 50 ટકાથી પણ પાસ કહેવાય, 90 ટકાથી પણ પાસ કહેવાય, પણ બંનેમાં કેટલો ભેદ છે ? ફળ-પરિણામ તો બંનેમા મળે છે, પણ એક જવલંત સફળતા કહેવાય... બીજામાં ચલાવી લેવાય એવી સફળતા કહેવાય. કોઈ તાળું તેની ચાવીથી બે-ચાર ઝટકા કે પ્રયત્નથી માંડ ખૂલે છે, અન્ય તાળું ચાવી-કળથી (Master key) થી તરત જ ઝડપથી ખૂલી જાય છે. આપણે સફળતા કેવી જોઈએ છે અને તે જ સફળતા માટે કેવી કળ-ચાવી key હોવી જોઈએ તે વિચારવાનું અને અમલમાં મૂકવાનું, તે માટે મહેનતુ બનવાનું રહે છે. અભ્યાસના ક્ષેત્રમાં સફળતા-જવલંત કે શ્રેષ્ઠતમ પરિણામ-કેવી ચાવીઓ કે ટેક્નિકથી પ્રાપ્ત થઈ શકે તે વિચારીએ.

❒ 'સ્ટડી સક્સેસ' ના સાત સંગાથીઓ :

વિદ્યાર્થીમાં 'વિદ્યા' અને 'અર્થી' બંને મૂકેલ છે. તેથી તે વિદ્યાનો ઉપાસક પણ છે અને ભાવિ જીવનનો અર્થી, સફળતાનો વાહક પણ છે. તેની કલ્પના તો જુઓ. 'ચાંદ બની ચમકવું છે મારે, આશમાનમાં વિહરવું છે મારે, સૂર્યનું તેજ કિરણ બનવું છે મારે, એથીય વિશેષ જીવન સફળ કરવું છે મારે' સાર એ છે કે, તેને મેઘધનુષ્યના સાત રંગોને મિત્રો બનાવીને સફળતા મેળવવી છે. આ સંગાથીઓ : (1) ઉચ્ચતમ લક્ષ્ય (2) અભ્યાસલક્ષી પ્લાનિંગ (3) મજબૂત મનોબળ (4) આત્મવિશ્વાસ (5) હકારાત્મક અભિગમ (6) સ્ટેમિના (7) પથદર્શકનું માર્ગદર્શન. આ સાત મિત્રો જ પર્યાપ્ત છે તેવું નથી. પણ યોગ્ય અને પરિણામદાયક તો જરૂરી છે જ.

♦ **ઉચ્ચતમ લક્ષ્ય :** સફળતા માટે લક્ષ્ય અનિવાર્ય છે. લક્ષ્યનું નિર્ધારણ અને ઉચ્ચતમ લક્ષ્ય સફળતા પાયામાં છે. 'મત્સ્યવેધ' ની કથા જાણીતી છે, તેમાં અર્જુનનું લક્ષ્ય 'માછલીની આંખ' વીંધવાનું જ હતું. તે એક માત્ર લક્ષ્ય જ હતું. અભ્યાસમાં પણ S.S.C. કે ધોરણ 12 તથા ગ્રેજ્યુએશન કે બાદ IAS નું જેટલું ઊંચું સ્થાન લક્ષમાં હોય તેટલી સફળતા નજીકની સમજવી. અમારી નોકરી દરમિયાન અમને મહત્તમ લક્ષ્યાંક અપાતાં, ઓછી કામગીરી માટે રિપોર્ટ થતાં, સૂચના પણ મળતી. વિદ્યાર્થીને તેની ઉત્તરવહી 'રિપોર્ટ' ગણાય. પ્રશ્નપત્રમાં ક્યાંય એવું નથી કહેવાતું કે જેટલું લખવું હોય તેટલું લખો. પાનાં ભરીને લખો. પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપવાના થાય છે. આ લક્ષ્ય મિનિમમ નથી હોતું. લક્ષ્ય જ યોગ્યતા અપાવે છે. લક્ષ્યમાં વિકલ્પો જરૂર આવે, પણ ઊંચું લક્ષ્ય હોય તો વિકલ્પ મળે. નિમ્ન લક્ષ્ય કે લક્ષ્યવિહીન હોય તેને શું મળે ? જેથી સફળતા માટે અભ્યાસ દરમિયાન જ વિષયો, પ્રવાહ, મહેનત, તૈયારી આ બધાં લક્ષ્યો વિચારીને, સલાહ-માર્ગદર્શનથી નક્કી કરીએ તે યોગ્ય ગણાશે.

♦ **અભ્યાસલક્ષી પ્લાનિંગ :** શાળાજીવન દરમિયાન ટૂરમાં જવાનું થયું જ હશે. ટૂરમાં જવા માટે કેટલી અગાઉથી વ્યવસ્થા છે ? સમય, વ્યવસ્થા, આગોતરું આયોજન દરેક બાબતને સ્પર્શે છે. શાળા કે કોલેજમાં ખાસ તો ધોરણ 10, 12, સ્નાતક કે ઈન્ટરવ્યૂની પરીક્ષાલક્ષી તૈયારી આપણે પ્લાનિંગથી જ કરીએ છીએ. અભ્યાસ સ્થળ, પ્રાપ્ય દૈનિક સમય, કુલ વિષયો, ઉત્તરવહી પ્રેક્ટિસ, રિવિઝન, નાનાં-મોટાં ગૃહકાર્યો વગેરે બાબતો પરત્વે વિચારીને કેવી રીતે અભ્યાસ કરવો તે નક્કી કરવું પડે છે. આ પ્લાનિંગ મુજબ ન ચાલે અને વચ્ચે ગેપ કે અડચણ પડે તો સમય અનામત કે રિઝર્વ રાખવો પડે છે. અભ્યાસના યોગ્ય આયોજન માટે SQ3R ની એક સિદ્ધ પદ્ધતિ પણ છે. આ પદ્ધતિમાં S-Survey- વિષયવસ્તુનો સામાન્ય ખ્યાલ કે અવલોકન, Q-Question પ્રશ્નો, R-Reading વાંચન કેવું, કેટલું-કેવી રીતે આયોજન થાય છે, R-Recall યાદદાસ્ત તાજી કરવી-વાંચેલું યાદ કરવું, મનન કરવું, R-Review વાંચેલ કે બાકી રહી ગયેલ કે ભૂલી જવાયેલને પુનઃ અવલોકવું. આ પદ્ધતિનો આપણે ઉપયોગ કરીએ છીએ, પણ વાંચન કૌશલ્ય સમયબદ્ધ ચાલે તે ખૂબ જરૂરી છે. સંગીતકારો 'રિવાજ' કરે તો જ શ્રેષ્ઠ સંગીત મળે. રિયાજ એટલે પ્રેક્ટિસ જ છે. "Practic makes man perfect". અભ્યાસલક્ષી આયોજન વ્યવસ્થિત બનાવવાથી જ સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

♦ **મજબૂત મનોબળ :** મનોબળ કે ઈચ્છાશક્તિ 'Willpower' વિના સફળતા શક્ય જ નથી. મજબૂત મનોબળ, પ્રબળ ઈચ્છાશક્તિ જો ન હોત કે ડેવલપ ન કરી હોત તો મહાત્મા ગાંધીજી દેશને આઝાદ કરાવવામાં યોગ્ય ફાળો આપી શકત ? વિદ્યાર્થી એક લક્ષ્ય નક્કી કરે કે મારે 10 કલાક અભ્યાસ કરવો જ છે તો એ ઈચ્છાશક્તિ તેને તેમ કરવા અચૂક પ્રેરે છે. મનની શક્તિ અગાધ છે. 'મન હોય તો માળવે જવાય' કહેવત સાંભળી હશે. મનનું તો એવું છે કે- ''મન હોય જો નબળું, તેને કદી રસ્તો સૂઝતો નથી. અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી''. દૃઢ નિર્ણયશક્તિ, અદમ્ય ઉત્સાહ, યોગ્ય જોમ અને જુસ્સો, સ્વપ્નો સાકાર કરવાની ઈચ્છા વગેરે ગુણો મજબૂત મનના માનવીનમાં હોય છે. તેને કસોટીની એરણે જરૂરત મુજબ ચડાવવા પડે છે. અવરોધ કે ટેમ્પરરી નિષ્ફળતાને 'સફળતાની સીડી' ગણવા માટે મનને જાગૃત કરવું પડે છે. નાનપણમાં સાપસીડીની રમતથી આપણે સીડી-નિસરણી ચડતાં આનંદ અનુભવતા હતા તે જ 'સફળતા' કહેવાય.

♦ **આત્મવિશ્વાસ :** આત્મવિશ્વાસ Self Confidance એ માનસિક બળ છે. 1960 ની ઓલિમ્પિક રમતમાં વિલ્મા રૂડોલ્ફ નામની છોકરી હતી. જે અપંગ-પોલિયોગ્રસ્ત છતાં વધુ ઝડપે દોડીને 3 ગોલ્ડમેડલ જીતી હતી. તેની સફળતાનું એક અગત્યનું કારણ હતું : આત્મવિશ્વાસ. આ વિશ્વાસ પોતાની જાત ઉપરનો છે. આત્મવિશ્વાસથી જ વિશેષ કાર્યસિદ્ધિ મળે છે. આત્મવિશ્વાસમાં ઈગો કે અહ્મને સ્થાન નથી. આત્મવિશ્વાસ એ 'બીજ' -Seed છે. તે હોય તો જ અનાજ કે ફળફલાદિ મળે. જેટલું સારું 'બી' તેટલી સારી સફળતા. આત્મવિશ્વાસના અભાવથી ઘણા વિદ્યાર્થીઓને પરીક્ષા અગાઉ મન ચંચળ થાય છે. અને માનસચિકિત્સાની જરૂર પડે છે. વિદ્યાર્થી પાંગળો હોઈ જ ન શકે. નિરાશા, હતાશા કે નકારાત્મક વિચારોને દૂર રાખો. અભ્યાસની શરૂઆતથી પરીક્ષાના છેલ્લા દિવસ સુધી તે માટે આત્મવિશ્વાસ કેળવો.

♦ **હકારાત્મક અભિગમ :** લીજેન્ડ ક્રિકેટર સચિન તેંડુલકર તેની સફળતા માટે હકારાત્મક અભિગમ મહત્વ આપતાં કહે છે : 'પ્રત્યેક તબક્કે જે પણ વિઘ્નો, પડકારો, સંઘર્ષ આવે તેનો એક વખત અંત આવશે જ તેમ ધારીને આગળ આવવાનું છે. એક નિષ્ફળતા મળે તો બીજી વખત વધુ જોરદાર કેમ પ્રદર્શન કરવું તેના માટેનો શારીરિક-માનસિક પ્રયત્ન તરત જ આરંભી દેવાનું પ્રત્યેક ભૂલોમાંથી શીખવું જોઈએ.' અભ્યાસમાં પાછા પડવા પછી હકારાત્મકતાથી આગળ આવી શકાય. 'કરતાં જાળ કરોળિયો...' ઉક્તિથી વિદ્યાર્થી અજાણ હોઈ ન શકે. પ્રખ્યાત કાર્ટૂનિક વોલ્ટ ડિઝનીને શરૂઆતમાં ઊંદરોથી ભરપૂર રૂમમાં ચિત્રો દોરવાની અગવડભરી કામગીરી કરવાનું કહ્યું. તેણે નકારાત્મક વિચારોને બદલે ઊંદરોનાં કાર્ટૂન બનાવ્યાં. તેમાંથી વિખ્યાત કાર્ટૂન 'મિકી માઉસ' બન્યું.

